Adani Institute of Infrastructure

Management • Engineering

**અખબારી યાદી**

# અદાણી ગ્રુપ દ્વારા અદાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફોર મેનેજમેન્ટ એન્ડ એન્જીનિયરીંગનો પ્રારંભ

ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેનેજમેન્ટ ક્ષેત્રે નિષ્ણાંતો તૈયાર કરવાના ઉદ્દેશ સાથે અદાણી ગ્રુપ દ્વારા અદાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (એઆઈઆઈ) નો પ્રારંભ કરીને આ શૈક્ષણિક વર્ષની શરૂઆતથી જ મેનેજમેન્ટ અને એન્જીનિયરીંગ પ્રોગ્રામ્સ ઓફર કરવામાં આવ્યા છે. આ ઈન્ફ્રાટ્રક્ચર ઈન્સ્ટીટ્યુટને એઆઈસીટીઈની મંજૂરી મળી છે અને ૪ વર્ષના એન્જીનિયરીંગના અન્ડર ગ્રેજ્યુએટ પ્રોગ્રામનું ગુજરાત ટેકનોલોજી યુનવર્સિટી (જીટીયુ) સાથે જોડાણ કરવામાં આવ્યું છે.

અદાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્જીનિયરીંગ (એઆઈઆઈઈ) સિવિલ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા ઈલેક્ટ્રીકલ એન્જીનિયરીંગમાં બી.ઈ. ડીગ્રી ઓફર કરે છે, જ્યારે અદાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેનેજમેન્ટ (એઆઈઆઈએમ) પૂર્ણ સ્તરનો રેસિડેન્શિયલ, બે વર્ષનો ઈન્ફ્રાટ્રક્ચર મેનેજમેન્ટનો પીજીડીએમ ઓફર કરવાની સાથે ૧૫ માસનો વિશિષ્ઠ એક્ઝિક્યુટિવ પ્રોગ્રામ અનુભવી પ્રોફેશનલ્સ માટે આ વિદ્યાશાખામાં જ ઓફર કરે છે.

અદાણી ગ્રુપ જેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર જૂથનો સહયોગ ધરાવતી આ ઈન્સ્ટીટ્યુટ ઉચ્ચ ગુણવત્તા ધરાવતું ટેકનોલોજીકલ જ્ઞાનનું નિર્માણ કરી તે ઉપલબ્ધ કરીને જૂથના રાષ્ટ્ર નિર્માણમાં નિષ્ઠા અને વિઝન અનુસાર દેશના યુવાનોને સતત ઉદ્યોગ સાથે સંકળાઈને તેમજ વિવિધ વિદ્યાશાખાઓમાં સંશોધન આધારિત ઓફર કરાયેલા અભ્યાસક્રમો દ્વારા તેમને 'નેશન બિલ્ડર' બનવાની પ્રેરણા આપે છે.

દેશની માળખાગત સુવિધાઓની જરૂરિયાત અંગે સમગ્રલક્ષી દ્દષ્ટિકોણ રજૂ કરતાં અદાણી જૂથના ચેરમેન અને સ્થાપક શ્રી ગૌતમ અદાણીએ નિખાલસપણે જણાવ્યું હતું કે ''આપણા માનનિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તા.૧૫ ઓગષ્ટ ૨૦૧૪ના રોજ મેક ઈન ઈન્ડિયા ઝૂંબેશની જાહેરાત કરી છે. હું માનું છું કે મેક ઈન ઈન્ડિયાને સફળ બનાવવા માટે આપણે પ્રાથમિક શિક્ષણ, આરોગ્ય,

શૈક્ષણિક સંસ્થાઓ, પાણી પૂરવઠો, વેસ્ટ મેનેજમેન્ટ અને વ્યવસાયલક્ષી તાલિમ જેવી સામાજીક માળખાગત સુવિધાઓની સાથે સાથે માર્ગો, ઉર્જા, બંદર, ખાણકામ, હવાઈ મથકો, રેલવેઝ, ઓઈલ અને ગેસ પાઈપલાઈન, પુનપ્રાપ્ય ઉર્જા વગેરે પાયાની માળખાગત સુવિધાઓને મજબૂત બનાવવાની જરૂર છે.''

આ દ્રષ્ટિકોણમાં ઉમેરો કરતાં અદાણી ફાઉન્ડેશનના મેનેજીંગ ટ્રસ્ટી ડો. પ્રિતી જી. અદાણીએ એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે ''હું માનું છું કે વિકસીત રાષ્ટ્રનો અત્યંત અપેક્ષિત દરજ્જો હાંસલ કરવા માટે, ભારત યોગ્ય સંખ્યામાં યુવા બળ સહિત તમામ જરૂરી બાબતોથી સજ્જ છે. આ યુવાનોનું યોગ્ય શિક્ષણ અને જ્ઞાન મારફતે સશક્તિકરણ કરવાની જ જરૂરિયાત છે. આજના સંદર્ભમાં વાત કરીએ તો આપણાં દેશ માટે અત્યંત અપેક્ષિત વૃધ્ધિ અને વિકાસ હાંસલ કરવા માટે ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્ડસ્ટ્રી મહત્વનું પરિબળ બની રહે છે, અદાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખાતે અમે એન્જીનિયરીંગ અને મેનેજરીયલ વ્યવસ્થાપનની જવાબદારી ભાવિ પેઢીના ખભે મૂકીને ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સંલગ્ન ક્ષેત્રોમાં વિકાસ માટે સજ્જ છીએ.''

આ ઈન્સ્ટીટ્યુટ અંગે વધુ વાત કરતાં અદાણી ગ્રુપના હોલ-ટાઈમ ડિરેક્ટર ડો. મલય મહાદેવિયાએ જણાવ્યું હતું કે ''અદાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉદ્યોગ અને એપ્લાય રિસર્ચ સાથે જોડાયેલા રહીને ઉચ્ચ ગુણવત્તા ધરાવતું શિક્ષણ પૂરૂ પાડતી ભારતની અનોખી શૈક્ષણિક સંસ્થા બની રહેશે. આ અભ્યાસક્રમો વિદ્યાર્થીઓમાં ઉચ્ચસ્તરની એવી ક્ષમતા ઉભી કરવા માટે સજ્જ છે કે જેથી તે પોતાની કારકીર્દિને દેશની માળખાગત સુવિધાના ક્ષેત્રની જરૂરિયાતોને પૂર્ણ કરવામાં જોડી શકે.''

ડો. મહાદેવિયાએ વધુમાં જણાવ્યું હતું કે ''થિયરીના સબળ અભ્યાસક્રમ ઉપરાંત કોર્સમાં કેસ સ્ટડીઝનો પૂરતો સમન્વય કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી માટે ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટના સ્થળોએ લાઈવ મુલાકાતો પણ યોજી શકાશે. હકીકતમાં અમે અભ્યાસક્રમનું ડીઝાઈનીંગ એ પ્રકારે કર્યું છે કે વિદ્યાર્થીઓ ઉદ્યોગના મેન્ટર મહાનુભવોના સંપર્કમાં રહી શકે. આ મહાનુભવો અદાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખાતેના ઉચ્ચ અભ્યાસ દરમ્યાન માર્ગદર્શન પૂરૂ પાડવા ઉપરાંત કોર્પોરેટ જગતમાં પ્રવેશ માટે સાનુકૂળતા ઉભી કરશે. મને ખાત્રી છે કે આ પ્રકારનું જ્ઞાન અને ઉચ્ચ અભ્યાસનું પીઠબળ વિદ્યાર્થીઓને તેમની ક્ષમતા વિકસાવવામાં તો સહાય કરશે જ, પણ સાથે સાથે રાષ્ટ્ર માટે વિવિધ માળખાગત સુવિધાઓના નિર્માણનાં ક્ષેત્રો અંગેની સમજમાં સહાયરૂપ બનશે.''

આ ધ્યેય અનુસાર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે અભ્યાસ હાથ ધરવાની ખેવના ધરાવતા તેજસ્વી વિદ્યાર્થી માટે ઈન્સ્ટીટ્યુટે આકર્ષક સ્કોલરશીપની મેરિટ આધારિત સ્કીમ રજૂ કરી છે. વધુમાં, અદાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેનેજમેન્ટ (એઆઈઆઈએમ) દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેનેજમેન્ટ ક્ષેત્રે અભ્યાસ કરવા ઈચ્છતી છાત્રાઓને પ્રોત્સાહન આપવા માટે વન-ટાઈમ ઈન્સેન્ટીવ યોજનાની પણ જાહેરાત કરી છે.

અમદાવાદ-ગાંધીનગર હાઈવે ઉપર અત્યંત વિકસીત વિસ્તારમાં શાંતિગ્રામ સંકુલના મોખરાના સ્થળે આવેલું અદાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીના સભ્યો માટે તમામ અદ્યતન સુવિધાઓથી સજ્જ છે. એન્જીનિયરીંગના વિદ્યાર્થીઓ માટે  સંપૂર્ણ સુસજ્જ ૭ લેબોરેટરીઝ ઉભી કરવામાં આવી છે.

અદાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેનેજમેન્ટ (એઆઈઆઈએમ) ના પૂર્વ ઈતિહાસની વાત કરીએ તો અત્યાર સુધી તે અનુભવી પ્રોફેશનલ્સ માટે એક વર્ષનો ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેનેજમેન્ટનો પ્રોગ્રામ ઓફર કરી રહી હતી. તેમાં સામેલ થનારો વર્ગ સફળતાપૂર્વક લાર્સન એન્ડ ટોબ્રો, આઈએલ એન્ડ એફએસ, શેલ એલએનજી, હોવ ઈન્ડિયા લિમિટેડ, ધામરા પોર્ટ કંપની, કલ્પતરૂ, આઈઆરબી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પીડબલ્યુસી, ઈવેલ્યુસર્વ, ડોડસાલ, અરવિંદ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શેલ્બી અને વિવિધ અદાણી કંપનીઓમાં પણ  સફળતાપૂર્વક પ્લેસમેન્ટ મેળવી ચૂકેલ છે.